**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૨૪.૨ ડીગ્રી
લઘુતમ : ૯.૦ ડીગ્રી
ભેજ
સવારે ૮૭ ટકા ● સાંજે ૩૧ ટકા

# શહેરમાં બે દિવસ બેંક અને એલઆઈસી કચેરીઓ બંધ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં બે દિવસ બેંક, ટેલીફોન અને એલઆઈસી કચેરી બંધ રહેશે. કેન્દ્ર સરકાર દ્વારા શ્રમિક કાયદામાં સુચિત સુધારાને અનુલક્ષીને કર્મચારીઓ યુનિયન દ્વારા બે દિવસની હડતાલનું એલાન કરવામાં આવ્યું છે. આ હડતાલમાં બેંક કર્મચારીઓ રાષ્ટ્રીયકૃત બેંકોના મર્જર તેમજ વેતન વધારાની માંગ સહિતના વિવિધ પડતર પ્રશ્નોને લઈ જોડાયા છે. જયારે એલઆઈસીના કર્મચારીઓ વધુ એક પેન્શન વિકલ્પ તથા વર્ગ-૩ અને ૪ ની ભરતી સહિતના મુદ્દે આ હડતાલમાં જોડાશે. આ હડતાલને પગલે ગાંધીનગર શહેરનું બેંકનુ કામકાજ ઠપ થતા કરોડો રૂપીયાનું ટર્નઓવર અટકી પડશે. જયારે બેંક બંધ રહેતા નાણાકીય અવ્યવસ્થા પણ ઉભી થાય તેવી શક્યતાઓ છે.

શ્રમીક કાયદામાં સુધારાને કારણે કર્મચારીઓના હક છીનવાતા હોવાનું જણાવતા વિવિધ કર્મચારી સંગઠનો દ્વારા દેશભરમાં તા. ૮ અને ૯ જાન્યુઆરી બે દિવસ માટે હડતાલનું એલાન આપવામાં આવ્યું છે. આ હડતાલમાં ગાંધીનગરની બેંકો, એલઆઈસી તેમજ બીએસએનએલ સહિત કેટલીક ફેકટરીઓના મજદુરો પણ જોડાશે. બે દિવસની હડતાલને પગલે પાટનગરના આર્થિક વ્યવહારો પર ઘેરી અસર પડશે. હડતાલથી અજાણ નગરજનો પરેશાનીનો ભોગ બનશે. ઉલ્લેખનીય છેકે ગત માસ દરમિયાન ઘણી બધી સરકારી રજાઓના કારણે આ કચેરીઓ બંધ રહેવા પામી હતી. ત્યારે ફરીએકવાર હડતાલને કારણે આ કચેરીઓ સળંગ બે દિવસ બંધ રહેવાના કારણે નાગરીકો પરેશાનીનો ભોગ બનવુ પડે તેવી પુરેપુરી શક્યતા છે. દેશભરમાં આવેલી એલઆઈસીની કચેરીમાં ફરજ બજાવતા ૫૦૦૦થી વધુ કર્મચારીઓ તેમજ બેંકના પણ હજારો કર્મચારીઓ એક સાથે હડતાલનું શસ્ત્ર ઉગામતા તંત્ર પણ ચિંતાતુર જણાય છે. આ હડતાલમાં પોસ્ટના કર્મચારી યુનિયને છેલ્લી ઘડીએ અળગા રહેવાનો નિર્ણય લેતા પોસ્ટ ઓફિસો રાબેતા મુજબ કાર્યરત રહેશે.

**કર્મચારીઓની હડતાલને પગલે કરોડો રૂપીયાનું ટર્નઓવર અટકશે**

## પોસ્ટ કર્મચારીઓ હડતાળમાં નહીં જોડાય

ગાંધીનગર, તા.૭

ભારતીય પોસ્ટલ કર્મચારી સંઘ અમદાવાદ સીટી ડીવીઝન તથા ગુજરાત સર્કલના તેમજ ડીવીઝનોના તમામ સભ્યો તા. ૮ અને ૯ જાન્યુઆરી ૨૦૧૯ના રોજ જાહેર કરેલ બે દિવસની હડતાલમાં યુનિનની હેડ ઓફિસથી મળેલા આદેશ મુજબ હડતાલમાં જોડાશે નહીં. આ બે દિવસ યુનિયનના તમામ સભ્યો પોતાની ઓફીસમાં સમયસર ફરજ ઉપર રાબેતા મુજબ ફરજ બજાવશે અને યુનિયનના કોઈ પણ સભ્યને કામના સ્થળે કોઈ પણ પ્રકારનો અવરોધ ઉભો થાય તો ડીવીઝનલ હેડનો સંપર્ક કરવા અથવા ભારતીય યુનિયનના સેક્રેટરીશ્રીને ફોન દ્વારા માહિતી આપવા અપીલ કરવામાં આવી છે.



મકરસક્રાંતિ પર્વ નજીક આવી પહોંચ્યું છે અને અત્યારે માદા શ્વાન માતા બની ચુકી હોવાથી ઠેર ઠેર ગલૂડિયાં રમતાં જોવા મળે છે આ સમયે તેમને ખોરાક સાથે ઠંડી સામે લડવાનું બળ મળી રહે તે હેતુથી લાડુ બનાવી ખવડાવવાનો રિવાજ છે જે પુણ્યનું કાર્ય ગણાય છે. ગાંધીનગરના સે-૫, સે-૨૫, સે-૬ સે-૨૪, મહાકાળી મંદિર-પેથાપુર, તેમજ કોબા, સોજા અને તાલુકાના ટીંટોડાના નાનપુર ગામે શ્વાન માટે લાડુ બનાવવાનો શ્રમયજ્ઞ કરવામાં આવ્યો હતો. અને જે તે વિસ્તારના તમામ શ્વાનને લાડુ ખવડાવવામાં આવ્યા હતા.



## વડોદરાની મેગા મેરેથોનમાં ગાંધીનગરના રનર્સને મેડલ

ગાંધીનગર, તા.૭

સંસ્કૃતિ નગરી વડોદરા ખાતે સળંગ નવમા વર્ષે મેરેથોનનું આયોજન કરવામાં આવ્યું હતું. વડોદરાની આ મેગા મેરેથોનમાં એક લાખ રનર્સે ભાગ લીધો હતો. ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણી, ક્રિકેટર ઈરફાન પઠાણ, યુસુફ પઠાણ, ગોલ્ડન કિવન સરિતા ગાયકવાડે ફલેગ ઓફ કરાવી મેરેથોન ખુલ્લી મુકી હતી.

આ મેરેથોનમાં ફુલ, હાફ, ૧૦ કીમી અને પાંચ કિમી જેવી કેટેગરી હતી. ગાંધીનગરના છ રનર્સે હાફ મેરેથોન એટલે કે ૨૧.૦૯૭ કિમીમાં ભાગ લીધો હતો. જેમાં દિલીપ શર્મા, જગત કારાણી, સંજય થોરાત, રમેશબાબુ ગટ્ટુ, દિગંબર પાંડે અને ડૉ. ભાનીશા પંચાલે ભાગ લઈ નિયત સમયમાં હાફ મેરેથોન પૂર્ણ કરી ફિનીશરનો મેડલ મેળવ્યો હતો.

પાંચ કિમીની દોડમાં રેકોર્ડ બ્રેક ૭૫ હજાર દોડવીરો જોડાતા વડોદરાના માર્ગો રનર્સથી છલકાઈ ગયા હતા. ગાંધીનગરના રનર્સે વડોદરા મેરેથોનમાં મેડલ મેળવી શહેરનું ગૌરવ વધાર્યું છે.

## સિનિયર સિટીઝન્સ ફેડરેશન દ્વારા કાનની તપાસનો ફ્રી કેમ્પ યોજાશે

મેગા સીટી અમદાવાદ સિનિયર સિટીઝન્સ ફેડરેશનના મહામંત્રી કે.બી.બારોટ ના અથાગ પ્રયાસોથી ગાંધીનગરના વરિષ્ઠ નાગરીકો માટે કાનની તપાસનો ફ્રી કેમ્પ ગુજરાત નગર પાલિકા પરિષદ હોલ પ્લોટ નં. ૧૩૪ સે-૧૧ બહુમાળી ભવન અને ન્યાય મંદિરની પાછળ ગાંધીનગર ખાતે તા.૯ જાન્યુઆરીને બુધવારના રોજ બપોરે ૨ થી ૫ કલાક દરમિયાન યોજાશે. આ કેમ્પમાં સૌ જરુરીયાતમંદ નાગરીકોને લાભ લેવા જણાવાયું છે.

આ કેમ્પમાં એશીયન સ્પીચ એન્ડ હીયરીંગ કલીનીકના નિષ્ણાંત ડોકટરો, હેમંત પટેલ તથા અનિલ આનંદ માનદ સેવા આપશે.આ કેમ્પમાં વરિષ્ઠ નાગરીકોને મળવાપાત્ર અધિકારો, અને સવલતો, આરોગ્ય સંબંધિત પ્રશ્નો સમતોલ આહારની લગતી જાણકારી અને માહિતી આપવામાં આવશે. આ પ્રસંગે ગાંધીનગર શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરુણ બુચ, વી.કેર ફાઉન્ડેશનના ચેરમેન જે.સી.પટેલ, કે.બી. બારોટ, સિનિયર સિટીઝનના આર.એમ. પટેલ, જી.એન. બારોટ, સહિતના વરિષ્ઠ નાગરીકો હાજર રહી આરોગ્યલક્ષી સંબોધન કરશે. આ અભિયાનમાં મોટી સંખ્યામાં નાગરીકોને જોડાવા માટે આહ્વાન કર્યું છે.

## ઘેર બેઠા આધાર નોંધણી કરવા માટેનો હેલ્પલાઇન નંબર- ૦૭૯ ૨૩૨ ૩૬૬૬૩

અશક્ત, દિવ્યાંગ અને વૃધ્ધ વ્યક્તિઓ કે જે આધાર નોંધણી કરાવવા કેન્દ્ર પર જઈ શક્તા ન હોઈ તેવા વ્યક્તિઓ માટે ઘરે આવી આધાર નોંધણી કામગીરી કરી આપવાની સુવિધા કરી આપવામાં આવશે, તેવું યુ.આઈ.ડી.ના નોડલ ઓફિસર અને નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાએ જણાવ્યું છે.

નિવાસી અધિક કલેકટર શ્રી એચ.એમ.જાડેજાએ જણાવ્યું છે કે, આધાર કાર્ડ અવશ્યનો પુરાવો છે અને વિવિધ સરકારી સેવાઓનો લાભ મેળવવા માટે આધાર કઢાવવું જરૂરી છે. અશક્ત, દિવ્યાંગ અને વૃધ્ધ વ્યક્તિઓ કે આધાર નોંધણી કરાવવા માટે આધાર કેન્દ્ર પર જઈ શકે તેવા નથી તેમને ઘર બેઠા આધાર કાર્ડ કાઢવવા માટે જન સંપર્ક અધિકારી, કલેકટર કચેરી, ગાંધીનગરનો હેલ્પલાઈન નંબર ૦૭૯ ૨૩૨ ૩૬૬૬૩ પર સંપર્ક કરવાનો રહેશે. આ નંબર પર સંપર્ક સવારના ૧૧.૦૦ થી ૨.૦૦ કલાક તથા બપોરના ૩.૦૦ થી સાંજે ૬.૦૦ કલાક સુધી કરી શકાશે. હાલમાં ગાંધીનગર જિલ્લામાં આધાર કાર્ડની નોંધણી ગાંધીનગર જિલ્લા કલેકટરશ્રીની કચેરી, ચોથો માળ, સેકટર-૧૧, ગાંધીનગર, ગાંધીનગર મહાનગરપાલિકા, બીજો માળ, સેકટર-૧૧, ગાંધીનગર દેના ગ્રામીણ બેંક, સેકટર-૭ શાખા, ગાંધીનગર, પોસ્ટ ઓફિસ, સેકટર-૧૧, ગાંધીનગર તેમજ નગરપાલિકા ભવન, માણસા તથા દહેગામ અને કલોલ મામલતદાર કચેરી ખાતે કરવામાં આવી રહી છે. આ તમામ કેન્દ્રો પર નોધણીની કામગીરી જાહેર રજા સિવાયના દિવસોમાં જ કરવામાં આવે છે.



કામેશ્વર ઈન્ટરનેશનલ સ્કુલ ખાતે સ્કેટીંગ એકેડમીનો પ્રારંભ કરવામાં આવ્યો છે. શાળાના વિદ્યાર્થીઓ ઉપરાંત અન્ય વિદ્યાર્થીઓ પણ આ એકેડમીમાં પ્રવેશ મેળવી સ્કેટીંગ શીખી રહ્યા છે.

## વૉક વે પર કરાયેલા વૃક્ષોના થડીયા હજુ પણ નડતરરૂપ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરના માર્ગો આસપાસ ફૂટપાથનું નિર્માણ કરવામાં આવ્યું છે. છેલ્લા દોઢથી બે દાયકા દરમિયાન નગરના મોટા ભાગના ઉભા અને આડા રસ્તાઓ આસપાસ વોક-વે બનાવી દેવાયો છે. ફૂટપાથ નિર્માણ પાછળ કરોડો રૂપિયાનો તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ ફૂટપાથની જાળવણીનું કામ રામભરોસે છે. યોગ્ય સમયે જાળવણી ન થતા વોક-વે પર ઠેર ઠેર ગાબડા પણ જોવા મળતા હોય છે. જાળવણી તેમજ લોકજાગૃતિના અભાવ વચ્ચે વોકવે પર ઘણા ખરા અવરોધો જોવા મળી રહ્યા છે. અગાઉ કેટલાક ઠેકાણે સાઈન બોર્ડ પણ વોક-વે વચ્ચે ખડકી દેવાયા હતા જયારે હાલ કપાયેલા વૃક્ષોના થડીયા પણ વોકિંગ કરનારાઓ માટે અવરોધરૂપ બની રહ્યા છે. વાઈબ્રન્ટ સમયને અનુલક્ષી ફૂટપાથના ગાબડાં પૂરવા ઉપરાંત ડસ્ટબીનને કલર કરવામાં આવી રહ્યો છે. આ સ્થિતિ વચ્ચે કેટલાક ઠેકાણે ફૂટપાથ રોડને સમાંતર થઈ ગઈ છે જેના લીધે કલરકામનો પણ કોઈ અર્થ રહેતો નથી. બીજી તરફ ફૂટપાથ પર વોકિંગ કરનારા માટે કપાયેલા વૃક્ષના થડીઆ પણ અડચણ અને અકસ્માતનું કેન્દ્ર બન્યા છે તંત્ર દ્વારા આ થડીયા દૂર કરાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

## ઉત્તરાયણમાં પક્ષી બચાવો અભિયાનમાં જોડાવા આહ્વાન

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરમાં ઉત્તરાયણ સમયે ઘાયલ થતાં પક્ષીઓને તાત્કાલિક સારવાર પુરી પાડી બચાવવાના હેતુથી કરૂણા અભિયાન અંતર્ગત યોજવામાં આવનાર પક્ષી બચાવો અભિયાન માટે તાજેતરમાં બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં ડીએફઓ એસ.એમ. ડામોરની ઉપસ્થિતિમાં ચર્ચા હાથ ધરવામાં આવી હતી. શહેરમાં વન વિભાગ તથા ગીર ફાન્ઉડેશન દ્વારા હાથ ધરવામાં આવનાર અભિયાનમાં સ્વૈચ્છિક સંસ્થા વનશ્રી ટ્રસ્ટ દ્વારા પક્ષી બચાવો અભિયાનને અસરકારક બનાવવા પ્રયાસો હાથ ધરાશે. આ અભિયાનમાં શહેરની અન્ય કોઈ સ્વૈચ્છિક સેવાભાવી સંસ્થા જોડાવા માંગતી હોય તો તેમણે વન વિભાગનો ફોન નં. ૨૩૨૩૯૮૭૨ પર અથવા વનશ્રી ટ્રસ્ટનો મો.નં. ૯૯૯૮૮૧૦૭૧ પર સંપર્ક સાધવા સંસ્થાની અખબારી યાદીમાં જણાવાયું છે.

# વાવોલ સોસાયટી વિસ્તાર તથા સ્મશાનમાં યોજાયુ સ્વયંભૂ સ્વચ્છતા અભિયાન

**વાવોલ વિસ્તાર વિકાર સમિતિના નેજા હેઠળ વિવિધ રહીશોએ પોતાની સોસાયટીની બહારના વિસ્તારની સફાઈ કરી : સોસાયટી વિસ્તારની સફાઈ કર્યા બાદ રહીશોએ વાવોલ ગામના સ્મશાનની પણ સફાઈ કરી**



ગાંધીનગર, તા. ૭

વાવોલ વિસ્તારમાં ફલેટ્સ અને ટેનામેન્ટ્સની અનેક નવી સોસાયટીઓ વિકાસ પામી છે અને આ સોસાયટીઓના જાગૃત રહીશોએ એકઠા થઈ છેલ્લા દોઢેક વર્ષથી આ વિસ્તારના પાયાના પ્રશ્નો સકારત્મકતાથી ઉકેલવા અને આ વિસ્તારમાં ખુશાલીભર્યા વાતાવરણમાં રહીશોના જીવન વ્યતીત થાય તેવા શુભ ઉદ્દેશથી વાવોલ વિસ્તાર વિકાસ સમિતિનું ગઠન કરવામાં આવું છે જે આ વિસ્તારની સમસ્યાઓના ઉકેલ માટે કાર્યરત છે. આ સમિતિ દ્વારા સકારાત્મક કાર્યોને મહત્વ આપવામાં આવે છે જે અંતર્ગત ગત રવિવારે સવારે દરેક સોસાયટીઓના રહીશો દ્વારા પોતાની સોસાયટીની બહારની જાહેર જગ્યાએ ગંદકી ના રહે તે હેતુથી સ્વયંભૂ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું. સવારે ૯ કલાકથી પ્રારંભ થયેલા આ સ્વચ્છતા અભિયાનના પહેલા ભાગમાં દરેક સોસાયટીના રહીશો દ્વારા પોતાની સોસાયટીઓના બહારના વિસ્તારમાં સફાઈ કાર્ય કરવામાં આવ્યું હતું. આ કાર્યમાં સોસાયટી વિસ્તારના રહીશો, મહિલાઓ અને બાળકો પણ જોડાયા હતા. આ સફાઈ કામ પત્યા બાદ ૧૧ કલાકે સોસાયટીના રહીશોએ વાવોલ ગામના સ્મશાન સંકુલને સ્વચ્છ કરવાનું બીડું ઝડપ્યું હતું અને ગણતરીના સમયમાં સંપૂર્ણ સ્મશાન સંકુલને ચોખ્ખુંચણાક કરી દીધું હતું. આ પ્રસંગે વાવોલ ગામના સરપંચ નગીનભઈ નાડીયા તથા ગામના અગ્રણી અમરસિંહ ગોલ સહિત અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમના સમાપન પ્રસંગે વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા ચાર સફાઈ કર્મચારીઓનું સન્માન પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે અમરસિંહ ગોલે જણાવ્યુ હતું કે "વાવોલના ઈતિહાસમાં સૌપ્રથમવાર વિસ્તારના રહીશોએ જાતે સફાઈ કાર્ય કર્યુ હોય તેવું બન્યું છે". આ સાથે તેમણે વાવોલ ગામમાં બહારથી આવીને વસેલા હોવા છતાં દૂધમાં સાકરની જેમ ભળી જવા બદલ વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ અને સોસાયટીઓના રહીશોનો આભાર માન્યો હતો.

આ પ્રસંગે વાવોલના સરપંચ નગીનભાઈએ કહ્યું હતું કે "વાવોલમાં સફાઈ કર્મચારીઓનું સન્માન કરવામાં આવ્યું છે તે આવકારદાયક બાબત છે" આ સાથે તેમણે ગામ અથવા સોસાયટી વિસ્તારની કોઈપણ સમસ્યા હોય તેને ઉકેલવા પંચાયત દ્વારા સંપૂર્ણ સહયોગ આપવાની ખાતરી આપી હતી. વાવોલ વિસ્તાર વિકાર સમિતિના અગ્રણી સંજયભાઈ પંડયાએ તેમનો આભાર માનતા કહ્યું હતું કે "અમે હવે વાવોલની ધરતીમાતાના ખોળે આવીને વસ્યા છીએ એટલે અમે આ સ્વચ્છતા અભિયાન થકી તેનું રૂણ ચૂકવવાની શરૂઆત કરી છે". સ્વચ્છતા અભિયાનના સમાપને વાવોલના અગ્રણી રહીશ રાકેશભાઈ જાની દ્વારા અલ્પાહારની વ્યવસ્થા કરવામાં આવી હતી. સ્વચ્છતા અભિયાનમાં મોટી સંખ્યામાં વાવોલની વિવિધ સોસાયટીઓના રહીશો જોડાયા હતા.

### પહેલીવાર સ્મશાનમાં ગવાયુ રાષ્ટ્રગીત

વાવોલ વિસ્તાર વિકાસ સમિતિ દ્વારા ગામના સ્મશાનમાં પહેલીવાર સ્વચ્છતા અભિયાન યોજવામાં આવ્યું હતું. આ ઐતિહાસિક પ્રસંગે વાવોલ ગ્રામ પંચાયતના જે સફાઈ કર્મચારીઓ સ્મશાન ખાતે સફાઈ કામની સેવા આપે છે તેમનું પુષ્પગુચ્છ આપી તેમની સેવાઓ બદલ સન્માન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અંતે પહેલીવાર વાવોલના સ્મશાનમાં રાષ્ટ્રગીત ગાવામાં આવ્યું હતું.

### ચિરવિદાય

- સ્વ. અરજણજી હરજીજી ભીલ, ઉ.વ. ૮૦
- સ્વ. ભંગી રામાભાઈ મોહનભાઈ, ઉ.વ. ૪૬
- સ્વ. જગુજી તખુજી વાઘેલા, ઉ.વ. ૭૫
- સ્વ. આર. વેંકટેશન, ઉ.વ. ૬૮